GJBK020244402025

રજુ તારીખ	:	૩૦–૦૯–૨૦૨૫
દાખલ તારીખ	:	૩૦–૦૯–૨૦૨૫
ફેંસલ તારીખ	:	૦૬–૦૭–૨૦૨૬
અવધિ	:	<u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> ૦૦ ૦૯ ૦૬

નામદાર સુપ્રીમ કોર્ટ ના Suo Motu Writ(Cri) No. 1/2017 ના ચૂકાદા તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર-VI ના પેરા-179 A અન્વયેના નોટિફિકેશન નંબર સી-૨૦૦૧-૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ.

<u>FORM-A</u>

બનાસકાંઠાના (મીસ પી.બી.પટેલ) ત્રીજા ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ, પાલનપુરની અદાલત સમક્ષ.

(ચૂકાદા ની તા. ૦૬/૦૭/૨૦૨૬)

<u>ફોજદારી કેસ નંબર-૧૪૭૮૩/૨૫</u>

<u>આંક-૨૦</u>

એફ.આઈ.આર. ની વિગતો /ગુન્હો અને પોલીસ સ્ટેશન :-

ગુન્હો	ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮
ફરિયાદી	રવિકુમાર મનુભાઇ પટેલ, ઉ.વ. ::–પુખ્ત, ધંધો:–ગેરેજ રહેવાસીઃ– ૪૮, રાજકમલ સોસાયટી, કુંવરબા સ્કુલ પાછળ, તા.:–પાલનપુર, જીલ્લો:– બનાસકાંઠા
વિદ્વાન વકીલ શ્રી	વી.કે.આહીર
આરોપી	ઉમંગ સુનીલકુમાર ગાંધી, ઉ.વ.:– પુખ્ત, ધંધો:– વીમા અને લોન એજન્ટ રહેવાસીઃ– મેસરીવાસ, ઢાળવાસ, તા.પાલનપુર, જી.બનાસકાંઠા–૩૮૫૦૦૧. રહેવાસીઃ–એચ–૪૦૪, શ્રી વિષ્ણુધારા ગાર્ડન્સ, વેદાંત હોસ્પિટલલ રોડ, જગતપુરા, ગોતા અમદાવાદ–૩૮૨૪૮૧.
વિદ્વાન વકીલ શ્રી	એસ.જી.મોદી

<u>FORM-B</u>

ગુન્હો બન્યા તારીખ	૨૦–૦૬–૨૦૨૫
ફરિયાદની તારીખ	૨૪–૦૭–૨૦૨૫
પ્લી નોંધ્યાની તારીખ	૨૩–૧૨–૨૦૨૫
પુરાવો શરૂ કર્યા ની તારીખ	૧૦–૧૨–૨૦૨૬
ચુકાદો અનામત રાખ્યા ની તારીખ	૨૯–૦૬–૨૦૨૬
ચૂકાદાની તારીખ	૦૬–૦૭–૨૦૨૬
સજાના હુકમ ની તારીખ જો હોય તો	–

આરોપીઓની વિગત:-

આરોપી નંબર	આરોપી નું નામ	ધર પકડ ની તારીખ	જામીન પર મુક્ત કરવા માં આવેલ હોય તો તેની વિગત	ક્યા ગુના નો આક્ષેપ છે ?	નિર્દોષ છોડવા માં આવ્યા કે દોષિત ઠરાવ્યા ?	શું સજા ?	ક્રીમી. પ્રો. કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે ?
૧	ઉમંગ સુનીલકુમાર ગાંધી	--	--	ધી એન. આઈ. એક્ટ ની કલમ-૧૩૮		૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા વળતર	--

						ના ચુકવે તો વધુ ૦૬ (છ) માસની સાદી કેદની સજા	

FORM-C

ફરિયાદ પક્ષ, બચાવપક્ષ અને કોર્ટ ના સાહેદોનું લીસ્ટ:-

(એ) ફરિયાદપક્ષ તરફે:-

મૌખિક પુરાવા

સાહેદ નંબર	સાહેદનું નામ	પ્રકાર	આંક
૧	ફરિયાદી રવિકુમાર મનુભાઇ પટેલ	સોગંદ ઉપરની સરતપાસ	૪

(બી) બચાવપક્ષે જો સાહેદો જો હોય તો :-

મૌખિક પુરાવા

સાહેદ નંબર-	સાહેદનું નામ	પ્રકાર	આંક
૧	-	-	-

(સી) કોર્ટ સાહેદો જો હોય તો :-

મૌખિક પુરાવા

સાહેદ નંબર-	સાહેદનું નામ	પ્રકાર	આંક
--	--	--	--

ફરિયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા:-

દસ્તાવેજી પુરાવા

અનું. નં.	આંક	વિગત	તારિખ
૧	૦૯	આરોપીએ ફરિયાદીને આપેલ બેન્ક ઓફ ઈન્ડીયા પાલનપુર શાખાના ખાતાનો અસલ	૦૨–૦૬–૨૦૨૫

		ચેક નં. ૦૪૧૩૯૩	
૨	૧૦	બેંક ઓફ ઇન્ડીયાનો ફંડ ઇનસફીસીયન્ટ શેરાવાળો બેન્કના સહી સીકકાવાળો અસલ રીટર્નમેમો	૨૦–૦૬–૨૦૨૫
૩	૧૧	ફરિયાદીએ તેમના વિ.વ.શ્રી મારફત આરોપીને મોકલેલ કાનુની નોટિસની સ્થળપ્રત	૨૩–૦૬–૨૦૨૫
૪	૧૨	ફરીયાદીએ આરોપીને આર.પી.એડી મારફત કાયમી સરનામે લીગલ નોટીસ મોકલેલ તેની પોસ્ટની અસલ સફેદ પાવતી	૨૩–૦૬–૨૦૨૫
૫	૧૩	ફરીયાદીએ આરોપીને આર.પી.એડી મારફત હંગામી સરનામે લીગલ નોટીસ મોકલેલ તેની પોસ્ટની અસલ સફેદ પાવતી	૨૩–૦૬–૨૦૨૫
૬	૧૪	આરોપીને નોટીસ કાયમી સરનામે બજયા અંગેનું પોસ્ટનું ટ્રેકીંગ સ્ટેટમેન્ટ RG533870944IN	૨૫–૦૬–૨૦૨૫
૭	૧૫	આરોપીને નોટીસ હંગામી સરનામે બજયા અંગેનું પોસ્ટનું ટ્રેકીંગ સ્ટેટમેન્ટ RG533871074IN	૨૫–૦૬–૨૦૨૫

-: JUDGMENT :-

ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત:-

૧. આ કામના ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ - ૧૩૮ હેઠળ ગુજારેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને ગેરેજ ચલાવે છે. આ કામના આરોપી અને ફરીયાદી ઘણા લાંબા સમયથી એકબીજાના મિત્રો હોવાના કારણે એકબીજા સાથે સારા વિશ્વાસજન્ય સંબંધો હોવાથી આ કામના આરોપીને તાત્કાલિક રૂા. ૧,૫૦,૦૦૦/- (અંકે એક લાખ પચાસ હજાર પુરા)ની જરૂરીયાત હોઈ આરોપીએ ફરીયાદીને વાત કરતાં નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ નાણાંની સગવડ કરી

એપ્રિલ, ૨૦૨૫ના આશરે બીજા સપ્તાહમાં રૂા.૧,૫૦,૦૦૦/- (અંકે એક લાખ પચાસ હજાર પુરા) રોકડા હાથઉછીના પેટે દોઢ માસના સમય માટે આ કામના આરોપીને આપેલા અને તમામ નાણાં સમયસર ચુકવી આપવા માટે આરોપીએ ફરીયાદીને પાકી ખાતરી અને ભરોસો પણ આપેલ. આ કામના આરોપીના વાયદા પ્રમાણેનો સમય પુર્ણ થતાં નાંણા ચુકવી આપેલ ના હોય ફરીયાદીએ આરોપી પાસે ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીના ઘરે આવી આરોપીના બેંક ઓફ ઈન્ડીયા, પાલનપુર શાખાના ખાતા નંબર-૨૩૦૦૧૦૧૧૦૦૧૩૯૯૩ તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજનો નો રૂા. ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) નો ચેક નં.૦૪૧૩૯૩ ફરીયાદીને આપેલ અને કહેલ કે, "આ ચેક તમે તમારા ખાતામાં બેંકમાં જમા કરાવશો તો તમને તમારા નાંણા ચોકકસથી મળી જશે." જેથી આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી તેમને આપેલો ચેક ફરીયાદીએ સ્વીકારેલ. આરોપીએ આપેલો ચેક ફરીયાદીએ તા. ૧૯/૦૬/૨૦૨૫ ના રોજ તેમની બેંક ઓફ ઈન્ડીયા, પાલનપુર શાખાના ખાતામાં જમા કરાવેલ. જે ચેક કલીયરન્સમાં જતાં તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે ફરીયાદીને તેમની બેંકે મેમાથી પરત કરેલ. આરોપીનો ચેક પરત થતાં ફરીયાદીએ આરોપીનો સંપર્ક કરી ચેક પરત થયાની હકીકત જણાવી નાંણાની ઉઘરાણી કરેલ પરંતુ આરોપીએ ફરીયાદીને નાંણા આપેલ નહી અને ઉડાઉ જવાબ આપેલ. જેથી, ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત તા.૨૩/૦૬/૨૦૨૫ના રોજ નાંણાની ઉઘરાણી કરતી કાયદેસરની લીગલ નોટીસ આરોપીને કાયમી અને હંગામી સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ. ડી. થી મોકલી આપેલ અને નોટીસ મળ્યેથી દિન-૧૫(પંદર)માં તેમના નાંણા ચુકવી આપવા જણાવેલ. સદર નોટીસો આ કામના આરોપીને અનુક્રમે તા.૨૪/૦૬/૨૦૨૫ તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોગ્ય રીતે બજી ગયેલ હોય તેમ છતાં આરોપીએ તેમની નોટીસનો આજદીન સુધી કોઈપણ જવાબ આપેલ નથી કે આરોપીએ ફરીયાદીને કાયદેસર ચૂકવવાના નાંણા ચૂકવી આપેલ ના હોય આ

કામના આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્ટમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય આરોપી સામે નીચે મુજબની દાદ માંગેલ છે:

(અ) આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનું ગુનાહીત કૃત્ય કરેલ હોઇ આરોપી વિરૂધ્ધ ધરપકડનું વોરંટ કાઢી, ધરપકડ કરાવી, નામ. કોર્ટમાં હાજર રખાવી, આરોપી વિરૂધ્ધ કાયદેસરનો કેસ ચલાવી, આરોપીને સખ્ત સજા ફરમાવી, મોટો દંડ ફટકારી અને તે રકમમાંથી આરોપી પાસેથી વસુલ લેવા પાત્ર ચેકની રકમની બમણી રકમ ફરીયાદીને અપાવવા જરૂરી હુકમ થવા અરજ કરેલ છે.

(બ) વધુમાં, યોગ્ય અને મુનાસીબ લાગે તેવો હુકમ ફરીયાદીની તરફેણમાં કરવા હુકમ થવા અરજ કરેલ છે.

<u>કેસની ઈન્સાફી કાર્યવાહીની પ્રક્રિયા :-</u>

૨. ફરિયાદ રજૂ થતાં આરોપી વિરુદ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. આરોપીને પ્રોસેસની બજવણી થતાં આરોપી તેના વિદ્ધાન વકીલશ્રી સાથે અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલ હોય બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ જોગવાઈનું પાલન કરી આરોપીના કેસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપીની પ્લી આંક-૦૭થી નોંધવામાં આવતા આરોપીએ ગુનો કબૂલ ના હોવાનું અને કેસ આગળ ચલાવવો હોવાનું કથન કરેલ હોય આરોપી વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>ફરિયાદપક્ષ તેમજ બચાવપક્ષ તરફે રજૂ થયેલ પુરાવા :-</u>

3. આ કામે ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરુદ્ધનો ગુનો સાબિત કરવા માટે રજૂ કરેલ પુરાવાઓનું વર્ણન ઉપરોક્ત ફોર્મ-સી ના નિયત નમુનામાં કરેલ હોવાથી તેનું અત્રે પુનરાવર્તન ટાળવાના હેતુથી પુનઃ નિરૂપણ કરેલ નથી.

3.૧ ફરિયાદી તરફે આંક.૧૭થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પોતે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

૪. ફરીયાદીનો પુરાવો લીધા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષની હકિકતોનો ઈનકાર કરેલ છે, તેમજ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો આપવા માંગતા ના હોવાનું જણાવી વિશેષમાં જણાવેલ છે કે, "આ કામના ફરીયાદીએ ખોટી ફરીયાદ દાખલ કરી ખોટો ગુનો દાખલ કરેલ છે."

૪.૧ આરોપી તરફે આંક.૧૯થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પોતે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

૫. **<u>ફરિયાદપક્ષની દલીલો</u>**

ફરિયાદપક્ષે વિ.વ.શ્રી પી.એમ.સોનીએ મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરિયાદી તરફે ની આંક.૧ની ફરિયાદ તથા આંક.૪નું સોગંદનામુ તેમજ આંક.૦૯થી ૧૫ના દસ્તાવેજી પુરાવાથી ફરિયાદીની ફરિયાદ હકિકતને સમર્થન મળેલ છે. ફરિયાદપક્ષના કેસની વિરુધ્ધ આરોપી તરફે રજુ મૌખિક પુરાવા ધ્યાને લેવામાં આવે તો સીકયુરીટી પેટે આપેલ તે ચેકનો દુરુપયોગ કરવામાં આવેલ હોય તેવો કોઇ બચાવ નથી તેમજ પોસ્ટ ખાતાના આંક–૧૪ તથા આંક–૧૫ વાળા ટ્રેકરીપોર્ટને ધ્યાને લેવામાં આવે તો આરોપીને ડીમાન્ડ નોટીસ બજી ગયેલ હોવાછતાં નોટીસનો જવાબ આપેલ નથી તેમજ કેસ દાખલ થયા બાદ કોઇ રકમ ચુકવી આપેલ નથી. આરોપી ધ્વારા પોસ્ટના જવાબદાર કર્મચારીને તપાસવામાં આવેલ નથી. આરોપીએ ફરીયાદીને સીકયોરીટી પેટે ચેક આપેલાનું સ્વીકાર કરેલ છે તેમજ આરોપીએ ચેકમાં પોતાની સહી નથી તેવો કોઇ બચાવ રેકર્ડ પર લાવેલ ના હોઈ બચાવપક્ષનો આ બચાવ ટકવાપાત્ર ના હોઈ, રજુ પુરાવાથી ફરિયાદી હાલના તકરારી ચેક પેટેની લેણી રકમ આરોપી પાસેથી લેવા હકકદાર હતા અને તે પેટે હાલનો તકરારી ચેક આરોપીએ ફરિયાદીને આપેલાનું પુરવાર થતુ હોઈ આરોપીને કાયદાકીય જોગવાઇ મુજબની સજા, દંડ તથા ફરિયાદીને વળતર પેટે રકમ અપાવવા અરજ કરેલ છે.

૫.૧ ફરીયાદપક્ષે પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા ઉપર

આધાર રાખેલ છે.જે ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે:

ક્રમ નં.	ઓથોરીટીઝ	નામ.કોર્ટ
1.	Kishan Rao Versus Shankargouda Criminal Appeal No.803 Of 2018 (Arising Out Of Slp(Crl.)No. 10030 Of 2016)	Supreme Court of India
2.	Satish Jayantilal Shah Vs State Of Gujarat On 11 March, 1996 (Equivalent Citations: 1999 95 Compcas 303 Guj, 1996 Crilj 3099, (1996) 2 GLR 751)	Gujarat High Court
3.	C.C. Alavi Haji Versus Palapetty Muhammed & Anr. Appeal (Crl.) 767 Of 2007 [Arising Out Of S.L.P. (Criminal) No. 3910 Of 2006	Supreme Court of India
4.	M/s the jammu & kashmir bank versus abhishek mittal Crl. A. No. 294/2011	Delhi High Court
5.	Hiten p. Dalal Versus bratindranath banerjee Appeal (crl.) 688 of 1995	Supreme Court of India
6.	Sripati Singh (since deceased) Through His Son Gaurav Singh Versus The State of Jharkhand & Anr. CRIMINAL APPEAL NOS. 1269-1270 OF 2021 (Arising out of SLP(Criminal) No.252-253/2020)	Supreme Court of India

– : આરોપીની દલીલો :–

(૫.૧) આરોપી તરફે વિ.વ.શ્રી એસ.જી.મોદીનાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદીને આરોપીએ સીકયોરીટી પેટે આપેલ ચેકનો દુરુપયોગ કરી હાલની ખોટી ફરિયાદ કરેલ છે. ફરીયાદીએ આરોપીને ફરીયાદમાં જણાવેલા સરનામા ઉપર બજવણી કરેલ છે તે સાબીત કરવા માટે પોસ્ટ ખાતાના માણસોને તપાસેલ નથી જેથી ડીમાન્ડ નોટીસ આરોપીને બજી ગયેલ છે તેવું સાબીત થતું ના હોય આ કાયદાની કલમ–૧૩૮ની જોગવાઈનો ભંગ થાય છે તેમજ ફરીયાદી ધ્વારા દોઢ માસના વાયદા માટે ચેક આપેલ હોવાનું જણાવેલ છે પરંતુ ફરીયાદી ધ્વારા કોઈ તારીખ કે સમયની રજુઆત કરવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદી ધ્વારા નાણાંની ઉઘરાણી કઈ રીતે કરી તેના પુરાવા રજુ કરી સાબિત કરેલ નથી. જેથી ફરિયાદીની સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા ફરિયાદી અને આરોપી વચ્ચે ફરિયાદ મુજબનો વ્યવહાર થયેલાનું અને તે લેણા પેટે હાલનો તકરારી ચેક આપેલાનું

શંકાથી પર પુરવાર થતુ નહોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

કેસના ન્યાયિક નિર્ણય માટેના મુદ્દા:-

૬. આ કામે રજૂ થયેલ પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે ::–

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના ખાતાનો ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ શઇ શકે તેવા, દેવાની ચુકવણી પેટે ફરિયાદીને આપેલ છે?

૨. શું આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

૩. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.:–

૧. હકારમાં.
૨. હકારમાં.
૩. આખરી હુકમ મુજબ.

–: કા ર ણો :–

–:: મુદ્દા નંબર–૧ ::–

૮. આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ફરિયાદ દાખલ થયેલ છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષ તરફે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની જોગવાઇના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે. ભારતીય સાક્ષ્ય અધિનિમ-૨૦૨૩ની કલમ-૧૦૪ અન્વયે પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે.

- **કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો ::–**

(૧) આરોપીએ પોતાના ખાતાનો ચેક ફરિયાદીને નાંણા ચૂકવવા

આપેલ.

(૨) આરોપીએ ફરિયાદીને આપેલ ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા આપેલ.

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી નિયતસમયની મુદતની મર્યાદામાં રજુ કરવામાં આવ્યો હતો.

(૪) ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળના કારણે પરત થયેલ.

(૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ત્રીસ દિવસમાં લેખીત નાંણાની માંગણી કરી હતી.

(૬) આરોપીને નોટીસ મળી ગઈ હોવા છતાં નાંણા પંદર દિવસમાં ચૂકવી આપેલા નહી.

૯. આ કામના ફરિયાદીએ આંક–૪થી ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫માં જણાવેલ જોગવાઇ અન્યવે સોગંદનામાના સ્વરુપમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. આંક–૪ના ફરિયાદીની આરોપીના વિદ્ધવાન વકીલશ્રી દ્ધારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. આંક–૪નો ફરિયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા તથા ફરિયાદવાળા આંક–૦૯વાળા ચેક અંગે આરોપીની બેંકનો આંક–૧૦વાળો રીટર્ન મેમો ધ્યાને લેતા ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક બેંકમાં રજુ કરતા આંક–૧૦ના રીટર્ન મેમો થી " ફંડ્સ ઇનસફીશીયન્ટ" ના શેરા સાથે પરત આવેલ છે. ફરિયાદવાળો આંક–૧૦વાળો ચેક રીટર્ન આવ્યા બાબતનો "ફંડ્સ ઇનસફીશીયન્ટ"નો શેરો ધ્યાને લેતા ફરિયાદવાળા આંક–૦૯ના ચેકમાં આરોપીએ સહિ કરેલાનું માનવાને કારણ રહે છે.

૧૦. બચાવપક્ષ ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન હાલના આંક.૦૯ના તકરારી ચેકમાં તેઓની સહિ નથી તેના આધારભુત પુરાવા રજુ કરી ફરિયાદપક્ષની હકિકતોનું ખંડન કરી શકેલ નથી ત્યારે તેમજ ફરિયાદીએ આરોપીની સહિવાળા ચેકનો દુરુપયોગ કરેલાનું લાવવા પ્રયત્ન કરેલ છે. પરંતુ સદરહુ હકિકત ધ્યાને લેતા આંક.૦૯ વાળા ચેકમાં આરોપીની સહિ નથી તેવી હકિકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઇપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. તેમજ આરોપીએ તેમને હાલની ફરીયાદવાળો ચેક આપેલ પૈસાની સીકયોરીટી

પેટે આપેલ હતો તે હકીકત આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ લેવામાં આવેલ છે તેમાંથી બહાર આવે છે જે હકીકત ધ્યાને લેતા ફરિયાદવાળો આંક.૦૯વાળો ચેક આરોપીએ ઇસ્યુ કરેલ છે તેવું માનવાને કારણ રહે છે. આમ, સદર હકિકત ધ્યાને લેતા આ તબક્કે **નામદાર સુપ્રિમ કોર્ટના બીરસીંગ વિરુધ્ધ મુકેશકુમાર – ક્રિ. અપીલ નં.૯૩૩૪–૩૫/૨૦૧૮, તા.૦૬–૦૨–૨૦૧૯** નારોજના ચૂકાદાના **પેરા –૩૯,૪૦ અને ૪૧** માં પ્રસ્થાપિત કરેલ છે તે મુજબ જયારે આરોપીએ સહી કરી ચેક આપેલ હોય ત્યારે ફરિયાદીના પુરાવાનું ખંડન કરવાનું બર્ડન ચોકકસ ઠોસ, માનવાલાયક પુરવાથી ખંડનાત્મક પુરાવો આરોપી દ્વારા આપવાનો રહે છે અને તે મુજબ આરોપીએ ખંડનાત્મક પુરાવો આપવાનો રહે છે. આમ, સદરહુ ફરિયાદના કામમાં ફરિયાદીનો આંક.૪નો મૌખિક પુરાવો ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતા અને ફરિયાદના કામે રજુ થયેલ પુરાવાની ઉપરોકત મુલવણી મુજબ ફરિયાદપક્ષ ફરિયાદવાળો આંક.૦૯વાળા ચેક બાબતે અક્ઝીક્યુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકિકત ઉપરોકત જણાવેલ ચૂકાદા તથા **"Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Tribhovandas Purohit (1991(2) GLH Pg.65)"** ના ચૂકાદામાં જણાવેલ હકિકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમિક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઇ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા કલમ ૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં આવે છે અને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા ૧૩૯ માં જણાવેલ અનુમાનો નું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

૧૧. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા કલમ– ૧૩૯ વંચાણે લેતા એમ સ્પષ્ટ થાય છે કે, જો એકવાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરિયાદીને ચેક આપેલ છે તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. આરોપી ફરિયાદીની ઉલટતપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે. ચૂકાદાની સગવડતા ખાતર કલમ-૧૧૮ તથા કલમ -૧૩૯ નીચે મુજબ રજુ છે.

118. Presumptions as to negotiable instruments. :-

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.**:that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date.**:that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.**:that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.**:that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements.**:that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp.**:that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.**: that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. **Presumption in favour of holder.:** It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the

nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

૧૨. સદરહુ ફરિયાદના કામમાં ઉપર અગાઉના પૅરેગ્રાફમાં જણાવેલ હકિકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ -૧૧૮ તથા કલમ – ૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરિયાદના કામમાં બંને પક્ષકારો દ્વારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નક્કી કરવાનું રહે કે, શું આરોપીપક્ષ તેઓના તરફે લીધેલ બચાવ આધારે ધીનેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ -૧૧૮ તથા કલમ – ૧૩૯ ના અનુમાનો નું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહિ ?

૧૩. In the matter between **M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH Pg.365, Hon'ble Gujarat High Court has held that,** as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

૧૩.૧. In the matter between **Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Tribhovandas Purohit, reported in 1991(2) GLH Pg.65 Hon'ble Gujrat High Court has held that,** Section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.
- Onus of proof that there was no consideration is on

the defendant.

- Initial burden lies on the plaintiff to prove execution of the pro note. But once the burden discharged court has to raise the statutory presumption.

૧૪. નામદાર સુપ્રિમકોર્ટે "Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal, 1999(3) SCC 35"ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, " The Bare denial of the passing :) the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist." આ ઉપરાંત **નામદાર સુપ્રિમકોર્ટે "K.N.Beena V/S Muniyappan, 2001(0) AIR(SC) 2895 તથા Hiten P. Dalal V/S Bratindranath Banerjee, 2001(6) SCC-16** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial averments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

૧૪.૧. આ ઉપરાંત **નામદાર સુપ્રિમકોર્ટના "Krishna Janardhan Bhat V/S Dattatraya G. Hegde (2008(0) Cr.LJ 1172), K. Prakashan V/S P. K. Surenderan (2008(1) SCC (Crimes) 200) તથા Rangappa V/S Sri Mohan (AIR 2010 SC 1898)**"ના ચૂકાદાઓમાં નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની

કલમ–૧૩૯ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં આવવુ જરુરી નથી.

૧૫. બંને પક્ષકારો તરફેની દલીલો, આરોપી તરફેના બચાવ, બંને પક્ષકારો તરફે રજુ થયેલ ચૂકાદાઓ, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની વિવિધ જોગવાઇઓ તથા ઉપર જણાવેલ પૅરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચૂકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઇને, સદરહુ ફરિયાદના કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદ્દા નં.–૧ના ન્યાયનિર્ણય માટે કરતા નીચે મુજબની હકિકતો ફલિત થાય છે.

૧૬. સદરહુ કેસમાં ફરિયાદીનો આંક–જનો મૌખિક પુરાવો, આંક–૦૯થી આંક–૧૫ના દસ્તાવેજો તેમજ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ની જોગવાઈ અન્વયે નોંધવામાં આવેલ વધારાનું નિવેદન, આરોપી તરફેની દલીલો ધ્યાને લેતા ફરિયાદી પાસે આરોપીનો ચેક હતો તે હકીકત સદરહુ ફરિયાદના કામે બિનતકરારી છે.

૧૭. સદરહુ ફરિયાદના કામે આરોપી તરફે આંક–જની ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપીએ આરોપીને આપેલ રુપીયા દોઢ લાખ અંગે તેમના ખાતામાં કોઇ એન્ટ્રી ના હોવાની તેમજ આરોપીને રુ.દોઢ લાખ એક સાથે રોકડ આપેલ હતા તો સદર રકમ તેઓએ કયાંથી લાવીને આરોપી આપેલી તેનો ઉલ્લેખ તેમની ફરીયાદ કે સરતપાસમાં ના હોવાના જે સજેશનો કરેલ છે તે જોતાં તેમાં મુખ્યત્વે ફરિયાદીની નાંણાકીય ક્ષમતા અંગેના, નાંણાકીય વ્યવહાર અંગેના રોકડ રકમ આપવા માટે બાબતે, તેમજ આરોપીને આટલી મોટી રકમ આપ્યા અંગેનો પ્રુફ કોઇ લેખીત આધાર કે તેની નોંધ હિસાબી ચોપડે કરેલ નથી હોવા અંગેના તેમજ ફરિયાદમાં નહિ જણાવેલ હકિકતો અંગેના સજેશનોથી હાલના તકરારી ચેકમાં આરોપીની સહિ નથી તેવા કોઇ જ સબળ બચાવ રેકર્ડ પર આવેલ નથી., માત્ર નોટિસ બજવા અંગેની, રીટર્નમેમોમાં સહિ–સિક્કા ના હોવા અંગેના તેમજ ચેકની વિગતનો અંગેના જે સજેશનો છે તે અંગે જયારે બેંક દ્વારા આંક.૦૯ નો તકરારી ચેક એકાઉન્ટ કલોઝડના કારણે પરત કરેલ છે અને અન્ય કોઇ જ કારણ આ તકરારી ચેક પરત કરવા અંગેનુ

બેંક દ્ધારા જણાવવામાં આવેલ નથી ત્યારે બચાવપક્ષનો આ બચાવ ટકવાપાત્ર રહેતો નથી.

૧૮. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા બચાવપક્ષે એવો કોઇ પુરાવો રજુ કરેલ નથી કે જેથી હાલના તકરારી ચેકમાં આરોપીની સહિ ન હતી તેવું સાબિત થાય. આરોપી તરફે માત્ર વિશેષ નિવેદનના તબક્કે કથન કરવામાં આવેલ છે કે, ફરીયાદીએ ખોટી ફરીયાદ દાખલ કરી ખોટો ગુનો દાખલ કરેલ છે. આરોપીએ ચેકમાં પોતાની સહિને નકારેલ નથી. પરંતુ, સદરહુ બચાવનો ફરિયાદીએ આંક−જની મૌખિક પુરાવાની ઉલટતપાસમાં ઈન્કાર કરેલ હોઈ પુરાવાની સદરહુ મુલવણી મુજબ આરોપી તરફેના ઉપર જણાવેલ બચાવો વિશ્વાસપાત્ર, કાનુની અને ભરોસાપાત્ર જણાઈ આવતા નથી અને ઉપરોકત ચર્ચા મુજબ જયારે આરોપીની સહિવાળો ચેક ફરિયાદી પાસે હોવાનું અને તે ચેક વગર સ્વીકાર્યે બેંક દ્ધારા પરત થયેલાનું સાબિત થયેલ છે ત્યારે આરોપી તરફે સીકયુરીટી પેટે આપેલ તેઓની સહિવાળા ચેકનો દુરુપયોગ કરેલ છે તેવા કથનોને સમર્થન મળે તેવા કોઇ જ આધારભૂત મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે તેવો કોઈ માનવાલાયક પુરાવો રજુ કરેલ નથી તેમજ પોતાના બેંક એકાઉન્ટમાં ચેક કલીયર થઈ જાય તેટલી રકમ જમા હતી તે હકીકત રેકર્ડ પર લાવવા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

૧૮.૧ વધુમાં, હાલના આરોપીનો બચાવ એવો હોય કે આરોપીની સહિવાળા કોરા ચેકોનો દુરુપયોગ કરેલ છે તો તે અંગે તેઓએ સદર તકરારી ચેક ફરિયાદી પાસે કેવી રીતે પહોંચ્યો તે અંગેના પણ વિશ્વસનીય અને માનવાલાયક પુરાવા રજુ કરવા પડે અને તેમ સાબિત કરવું પડે કે આ તકરારી ચેક તેઓએ ફરિયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ ના હતો. આરોપી તરફે પોતાના કથનોને સમર્થન કરતા કોઇ જ આધારભૂત પુરાવા રજુ કરેલ નથી.

૧૯. આમ, પુરાવાની સદરહુ મુલવણી મુજબ આરોપીપક્ષ તરફે ઉપસ્થીત કરવામાં આવેલ ઉકત બચાવ આરોપીપક્ષ નામદાર સુપ્રિમ કોર્ટના (1) Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal, 1999(3) SCC 35 (2) K.N.Beena V/S Muniyappan, 2001(0) AIR(SC) 2895 TYF (3) Hiten P. Dalal

V/S Bratindranath Banerjee, 2001(6) SCC–16ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ યોગ્ય, ચુસ્ત અને વિશ્વાસપાત્ર પુરાવા આધારે પુરવાર કરી શકેલ ના હોઈ સદરહુ બચાવો આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ– ૧૩૯ના અનુમાનોનું ખંડન કરવામાં મદદરૂપ થતાં નથી અને તેથી ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક આરોપીના ખાતાનો તેઓના કાયદેસરના દેવા અને ફરિયાદીના કાયદેસરના લેણા પેટે ફરિયાદીને આપેલ છે તે હકીકત માનવાને કારણ રહે છે અને તેવુ ફલિત થાય છે.

૨૦. નામદાર સુપ્રિમ કોર્ટના "**Hiten P. Dalal V/S Bratindranath Banerjee,** 2001(6) **SCC**–16"ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ચેક લખનાર પોતાની સહી કરીને ચેક ફરિયાદીને આપે તો નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ મુજબ અનુમાન ફરિયાદીની તરફેણમાં થાય કે આ ચેક દેવા અને જવાબદારી પેટે આરોપીએ આપેલ છે. આ હકીકતનું આરોપીએ સબળ પુરાવા ધ્વારા ખંડન કરવુ પડે.

આ ઉપરાંત આરોપી ધ્વારા ફરીયાદીને આપેલો ચેક કોરો હોવાનો બચાવ લેવામાં આવેલ છે પરંતુ ફરીયાદી ધ્વારા સદર ચેક અંગ્રેજી ભાષામાં લખેલો આપવામાં આવેલ હતો તેમ જણાવેલ છે ત્યારે નામદાર મદ્રાસ હાઈકોર્ટે "**P.S.A. Thamotharan V/S Dalmia Cements(B) Ltd.,** 2005(1) **DCR** 85" ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ચેકમાં બોડી રાઈટીંગ ચેક લખનારે જ લખવાના છે તેવી કાયદામાં કોઈ આદેશાત્મક જોગવાઈ નથી, ખાતુ ધારણ કરનારના ચેકમાં કરેલ સહી જ મહત્વની છે. આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે "**Satish Jayanthilal Shah V/S Pankaj Mashruwala,** 1996 **Cr.LJ** 3099" ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ચેકમાં બોડી રાઈટીંગ ચેક લખનારે લખવા તેવી કાયદામાં જોગવાઈ નથી ફકત ખાતેદારની સહી મહત્વની છે. આ ઉપરાંત નામદાર કેરેલા હાઇકોર્ટે "**Lillykutty V/S Lawrance,** 2003(2) **DCR** 610"ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો ચેક લખનારે ચેક સહી કરી કોરો ચેક આપેલ તો નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ ચેકના ધારણ કરનારને ચેકમાં વિગતો ભરવાની સત્તા આપી છે તેમ કહી શકાય. આ ઉપરાંત નામદાર બોમ્બે હાઇકોર્ટે "**Balaji Agency Pvt.Ltd**

V/S Vilashrav Bagi, 2010(1) **DCR** 443"ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે ચેક સહી કરી કોરો સીકયુરીટી પેટે આપવામાં આવેલ હોય તે પછીથી આપેલ સીકયુરીટી મુજબ ચેક આપનાર ચુકવણુ કરવામાં નિષ્ફળ જાય તો સિકયુરીટી પેટે આપવામાં આવેલ ચેકનો ઉપયોગ કરી શકાય જયારે હાલના કેસમાં આરોપીએ જાતે પુરાવો આપેલ નથી કે પોતાનો સંભવિત બચાવ પણ રજુ કરવામાં સફળ રહેલ નથી, ચેકમાં પોતાની સહિ સ્વીકારેલ છે, ફરિયાદીની હકિકતોનું ખંડન કરતા કોઈ જ પુરાવા રજુ કરેલ નથી જેથી પણ ફરિયાદી અને આરોપી વચ્ચે નાણાંકીય વ્યવહાર થયેલાનું અને તે પેટે જ ફરિયાદવાળો આંક:૦૯વાળો ચેક આપેલાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

૨૦. હાથ ઉપરના કેસમાં સદરહુ ચુકાદાઓમાં નામદાર અદાલત તથા વિવિધ હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તથા ઉપર આગળ ચર્ચા કર્યા મુજબ આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળો ચેક ફરિયાદમાં જણાવેલ કાયદેસરના લેણા પેટે આપેલ નથી, પરંતુ, આરોપીની સહિવાળા કોરા ચેકમાં રકમ તથા વિગત ભરી હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે તેવો તેમનો સ્પેસીફીક બચાવ યોગ્ય, ચુસ્ત અને વિશ્વાસપાત્ર પુરાવા આધારે પુરવાર કરી શકેલ ન હોવાથી તથા નામદાર સુપ્રિમકોર્ટના "**Rangappa V/S Sri Mohan (AIR** 2010 **SC** **1898)**" ના ચૂકાદા મુજબ આરોપીએ આપેલ ચેક આરોપીના કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવુ અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે તે મુજબ આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળો ચેક ફરિયાદમાં જણાવેલ વ્યવહારની રકમના કાયદેસર અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલિત થતી હોવાથી આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળો ચેક કરીયાદમાં જણાવેલ કાયદેસરના લેણા પેટે આપેલ નથી, પરંતુ આરોપીની સહિવાળા ચેકમાં ફરિયાદીએ તેમની જાતે રકમ તથા વિગત ભરી દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ હોવાથી ફરિયાદીની ફરિયાદ રદ થવાને પાત્ર છે તેવી આરોપી તરફેની દલીલો ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૨૦.૧. નામદાર સુપ્રિમકોર્ટના "**AIR** 2010 **SC** 1898, **Rangappa V/S Sri Mohan**"ના ચૂકાદાના પેરા–૧૪માં અવલોકન કરેલ છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ અન્વયેના ચેકના ધારકની તરફેણ માંના અનુમાન

કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવુ અસ્તિત્વમાં છે તે પ્રકારનું છે અને તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે.

૨૦.૨. હાથ ઉપરના કેસમાં ઉપર આગળ પૅરેગ્રાફમાં ચર્ચા કર્યા મુજબ આરોપીએ તેમના બચાવ અન્વયે (1) નામદાર સુપ્રિમ કોર્ટના "**Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal,** 1999(3) **SCC** 35," (2) **નામદાર સુપ્રિમકોર્ટના** "**K.N.Beena V/S Muniyappan,** 2001(0) **AIR(SC)** 2895 TYF" (3) **નામદાર સુપ્રિમકોર્ટના** "**Hiten P. Dalal V/S Bratindranath Banerjee,** 2001(6) **SCC**-16"ના ચૂકાદામાં સ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબનો ચુસ્ત પુરાવો આપીને નામદાર સુપ્રિમ કોર્ટના "**AIR** 2010 **SC** 1898, **Rangappa V/S Sri Mohan**"ના ચુકાદામાં જણાવ્યા મુજબના ફરિયાદીની તરફેણમાંના દેવુ અને જવાબદારી કાયદેસર રીતે અમલપાત્ર છે તેવુ અનુમાનનું ખંડન કરી શકે તેટલો પ્રિપોન્ડન્સ ઓફ પ્રોબેબીલીટી(વિશ્વસનીય સંભવિતતાઓના પ્રાબલ્ય) જેટલો પુરાવો આપી અનુમાનનું ખંડન હાલના કેસમાં કરી શકેલ ના હોવાથી ફરિયાદવાળો ચેક ફરિયાદીને આરોપીએ કાયદેસરના લેણા પેટે આપેલાની હકીકત ફલીત થતી હોવાથી તથા ધી નૉગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯નું ફરિયાદીની તરફેણમાં દેવુ અને જવાબદારી કાયદેસર રીતે અમલપાત્ર છે તેવુ અનુમાનનું ખંડન કરી શકે તેટલો પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી (વિશ્વસનીય સંભવિતતાઓના પ્રાબલ્ય) જેટલો પણ પુરાવો આરોપીએ આપી, અનુમાનનું ખંડન ના કરી શકવાની આરોપીની અશક્તિને **નામદાર ગુજરાત હાઈકોર્ટ**ના "2009(3) **GLH** 742, **Hitenbhai Parekh Proprietor-Parekh Enterprises V/S State Of Gujarat**" ના ચૂકાદાના પૅરેગ્રાફ નં. ૪.૧ માં કરેલ અવલોકન-"therefore, it appears to be absolutely incorrect and perverse for the appellate court to conclude that the complainant had miserably failed to produce cogent proof, such as books of accounts, income tax returns/ reports etc to prove that there was legally enforceable debt"ની સાથે વંચાણે લેતા આરોપી

તરફે ફરિયાદીએ આરોપીને કઇ તારિખે, કયારે, કોની હાજરીમાં હાથ ઉછીની રકમ આપેલી તેમજ ફોનથી ઉઘરાણી કયારે કરેલી તે વિગતો નોટિસ, ફરિયાદ કે સરતપાસના સોગંદનામામાં નહિ જણાવેલાનું છે પરંતુ આરોપીએ ચેકમાં પોતાની સહિ સ્વીકારેલ છે ત્યારે સદર ચેક કોને આપેલ તેની ખરી હકિકતો રજુ કરી આરોપીએ પોતાનો બચાવ સબળ પુરાવા રજુ કરી રેકર્ડ પર લાવવો પડે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેના કેસમાં આરોપીએ જાતે પુરાવો આપવાની જરુર નથી આરોપી સંભવિત બચાવ આધારે પણ પોતાનો કેસ સાબિત કરી શકે છે. હાલના કેસમાં આરોપીએ તેઓની સહિવાળા સીકયોરીટી પેટે આપેલ ચેકનો ફરિયાદીએ દુરુપયોગ કરેલ હોવાનો બચાવ છે ત્યારે તે અંગેના આધારભૂત પુરાવા પણ રજુ કરવાની જવાબદારી આરોપીની રહે છે, પરંતુ તેવા કોઇ જ પુરાવા આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. પોતાની સહિવાળા ચેકનો દુરુપયોગ થયેલાનો આરોપીનો બચાવ હોય તો આ તકરારી ચેક બાબતે તેઓએ સ્ટોપ પેમેન્ટ અંગેની કાર્યવાહી કરાવેલ હોય તેવુ પણ રેકર્ડ પર લાવેલ નથી, ત્યારે માત્ર આરોપીનું વિશેષ નિવેદનના તબક્કેનું કથન અને ઉલટતપાસ દરમ્યાનની હકિકતો કે આરોપીના સહિવાળા ચેકનો દુરુપયોગ કરેલ છે તે દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૨૧. સદરહુ ફરિયાદના કામમાં ફરિયાદીનો આંક–૪નો મૌખીક પુરાવો, સમગ્ર દસ્તાવેજી–પુરાવાની મુલવણી કરતાં ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક આરોપીના ખાતાનો નથી તેવો આરોપીનો બચાવ નથી, ઉલટાનું આરોપીના વિદ્વાન વકીલશ્રી ધ્વારા આંક–૪ના ફરિયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ તથા આરોપી તરફેનો બચાવ ધ્યાને લેતા ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક આરોપીના ખાતાનો છે તે હકીકત ફલિત થાય છે. આમ, ફરિયાદીના આંક–૪નો મૌખિક પુરાવો તથા સમગ્ર દસ્તાવેજીપુરાવાની મુલવણી કરતાં ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક આરોપીના બેન્કના ખાતાનો છે તે હકીકત ફલીત થાય છે તેમજ આ કામે આરોપીને ફરિયાદીએ આપેલ આંક–૧૧ની માંગણા નોટીસનો જવાબ પણ આપેલ નથી અને ચેકનો દુરુપયોગ કરેલાનો બચાવ લીધેલ છે પણ ફરિયાદી સામે આજદિન સુધી તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તેવું પણ રેકર્ડ જોતાં જણાય આવતું નથી,

તેમજ સમગ્ર રેકર્ડ પરના પુરાવો તેમજ આરોપીના મૌખિક પુરાવાને લઈએ તો પણ આરોપી તરફે સબળ પુરાવા ના અભાવે ફરિયાદીની ફરિયાદ હકિકતો તથા રજુ પુરાવા આધારે આ કામના આરોપીએ ફરિયાદીને તકરારી ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ ફરિયાદવાળો ચેક ધાકધમકીથી લીધેલ હોય અને ચેક લખાવી લીધેલ હોય તો તે અંગેની કોઇ કાર્યવાહી આરોપીએ કરેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ પર આવેલ નથી. જેથી પણ ફરિયાદીનું કાયદેસરનું લેણું હોવાનું અને તે પેટે જ આરોપીએ ચેક આપેલાની હકીકત પુરવાર થયેલ છે અને આરોપીએ આ હકીકતથી વિરૂધ્ધની હકીકતનો પુરાવો લાવી શકેલ નથી તેથી પણ હાલના આરોપીએ ફરિયાદીના કાયદેસરનાં લેણા પેટે અને જવાબદારી પેટે ચેક આપેલાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

૨૨. આમ, ઉપર પેરેગ્રાસમાં કરવામાં આવેલ પુરાવાઓની મુલવણી મુજબ ફરિયાદીની તરફેણમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્યુમેન્ટ એકટની **કલમ–૧૧૮ અને કલમ–૧૩૯**ના અનુમાનનું ખંડન કરી શકે તેટલો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પણ પુરાવો આપી, આરોપી અનુમાનનું ખંડન કરી શકેલ નથી. તેથી તથા આરોપીના ખાતાનો ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવા દેવાની ચુક્વણી પેટ કરીયાદીને આપેલ છે તે હકિકત કરીયાદપણ નિ:શકપણે પુરવાર કરી શકેલ હોવાથી **મુદ્દા નં.–૧** નો જવાબ "**હકાર** " માં આપવામાં આવે છે.

– :: <u>મુદ્દા નંબર–૨</u> ::–

૨૩. ફરિયાદીએ હાલની આ ફરિયાદ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે. **<u>કલમ– ૧૩૮ નીચે મુજબ છે.</u>**

> **સમગ્ર અથવા અંશત દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે લેનાર પાસેના પોતાના ખાતામાંથી, બીજી વ્યક્તિને નાણાની રકમ ચુકવવા માટે તે ખાતામાંથી કોઈ વ્યક્તિએ લખેલ કોઈ ચેક, તે ખાતામાં જમા નાણા રકમ, ચેક સ્વીકારવા માટે અપુરતા હોવાના અથવા તે બેન્ક સાથે કરેલી કબુલાત ધ્વારા તે ખાતામાંથી ભરવાની**

ગોઠવણી કરેલી રકમ કરતા વધુ હોવાને કારણે, ભરપાઈ થયા વિના બેન્ક પરત કરે, ત્યારે તેવી વ્યક્તિએ ગુનો કર્યો હોવાનું ગણાશે અને તેને આ અધિનિયમની બીજી કોઈ પણ જોગવાઈઓને બાધ આવ્યા સિવાય. બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમ કરતાં, બમણી રકમનો દંડ અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

પરંતુ આ કલમમાં નો કોઈપણ મજકુર લાગુ પડશે નહી સિવાય કે–

(અ) ચેક ઉપર જે તારીખ લખી હોય તે તારિખથી છ મહિનાની મુદ્દત અથવા ચેકની જે કાયદેસરની મુદ્દત હોય તે બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતની અંદર ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો હોય.

(બી) ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક તે ચેક વણ ચુકવ્યો પરત આવવા સંબંધી બેંક પાસેથી તેને માહતી મળ્યાના ત્રીસ દીવસની અંદર ચેક લખનારને લેખીતમાં નોટિસ આપીને નાંણાની સદરહુ રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય, અને

(સી) એવા ચેકના લખનારે ચેક લેનાર ચેકના પેઈ અથવા તેના યથાક્રમ ધારકને સદરહુ નાણાની રકમની ચુકવણી સદરહુ નોટીસ મલ્યાના પંદર દિવસની અંદર કરી ન હોય, સ્પષ્ટીકરણ–આ કલમના હેતુઓ માટે "દેવા અથવા જવાબદારી" એટલે કાયદેસર અમલ કરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.

૨૩.૧. હાથ ઉપરના કેસમાં ફરિયાદ હકીકત ધ્યાને લેતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ધ્યાને રાખી ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાની મુલવણી કરતાં નીચે મુજબની હકીકત ફલિત થાય છે.

૨૩.૨. સદરહુ ફરિયાદના કામમાં ફરિયાદીનો આંક–૪નો મૌખિક પુરાવો તથા સમગ્ર દસ્તાવેજી પુરાવાની મુલવણી કરતાં ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક આરોપીનો નથી તેવો આરોપીનો બચાવ નથી. આંક–૪ની ફરિયાદીની ઉલટ તપાસ તથા આરોપીનો બચાવ કે ફરિયાદી ના લેણાં પેટે કોઈ ચેક આપેલ ન હતો, તે ધ્યાને લેતા ફરિયાદવાળો આંક–૦૯વાળો આરોપીના બેન્કના ખાતાનો છે તે

હકિકત ફલિત થાય છે. આમ, ફરિયાદીના આંક–૪ના પુરાવાની તથા સમગ્ર દસ્તાવેજી પુરાવાની મુલવણી કરતાં, ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક આરોપીના બેન્ક ખાતાનો છે તે હકીકત ફલિત થાય છે.

૨૩.૩. વધુમાં, સદરહુ ફરિયાદના કામમાં ફરિયાદીનો આંક–૪નો મૌખિક પુરાવો, આંક–૦૯થી રજુ થયેલ ચેકની તારીખ–૦૨–૦૬–૨૦૨૫વાળો ચેક વગર સ્વીકાર્યે પરત ફર્યા બાબતનો આરોપીની બેન્કનો આંક–૧૦વાળા રીટર્ન મેમાની તારીખ ૨૦–૦૬–૨૦૨૫ ધ્યાને લેતા અને તે પુરાવાની મુલવણી કરતાં ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(અ)ની જોગવાઈ મુજબ ચેક લખ્યાની તારીખથી કાયદેસરની સમયમર્યાદાની અંદર બેન્કમાં રજુ કરેલાનું જણાઈ આવે છે.

૨૩.૪. વધુમાં, સદરહુ કેસમાં આરોપી તરફે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૪માં જણાવ્યા મુજબ ફરિયાદ વાળો આંક–૦૯વાળો ચેક બેંકમાં રજુ કરેલ ત્યારે આંક–૧૦વાળા રીટર્નમેમામાં જણાવેલ "ફંડ્સ ઇનસફીશીયન્ટ"ના શેરાની હકીકતે વગર સ્વીકારાયે પરત આવેલ નથી તેવો કે ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક આરોપીની બેન્કના આરોપીના ખાતામાં સ્વીકારવા માટે રજુ થયો ત્યારે તે ચેક સ્વીકારાઈ જાય તેટલુ નાંણા ભંડોળ આરોપીના ખાતામાં હતુ તેવો કોઈ પુરાવો આરોપીએ રજુ કરેલ નથી. જે ધ્યાને લેવામાં આવે તો વાદગ્રસ્ત ચેક આ કામના આરોપીના ખાતામાં ભંડોળ અપુરતુ હોવાના કારણસર પરત ફરેલ. આરોપી તરફે ચેક આપતા સમયે અને ચેકની તારિખે તેઓના ખાતામાં પુરતુ ભંડોળ હતુ તેવું દર્શાવતા કોઇ પુરાવા રજુ કરેલ નથી, ચેકની તારિખે પોતાના ખાતામાં પુરતુ ભંડોળ ના હોવાના લીધે પોતાની બેંકમાં સદર તકરારી ચેક ના પેમેન્ટ સંબંધિત કોઈ જાણ કરી હોય, ખાતુ બંધ કરાવેલ હોય કે તેવી કોઇપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે ફરિયાદીને સદર ચેક જમા નહિ કરાવવા કોઇ જાણ કરેલ હોય તેવું પણ રેકર્ડ પરથી જણાતુ ના હોઇ જેથી આરોપીએ પોતાના ખાતામાં પુરતુ ભંડોળ નથી તેની જાણ હોવા છતાં તકરારી ચેક આપેલો તેવુ સ્પષ્ટપણે જણાઈ આવે છે અને તે જોતાં આરોપી સામે વટાઉખત અધિ.ની ક.૧૩૮ની કલમના તત્વો આર્કષાય છે.

૨૩.૫. આમ, ફરિયાદવાળો આંક–૦૯વાળો ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(અ)ની જોગવાઈ મુજબ ચેક લખ્યાની તારીખથી કાયદેસરની સમયમર્યાદાની અંદર બેન્કમાં રજુ થયેલાનું તથા બેંકમાં રજુ કરેલ ત્યારે આરોપીના ખાતામાં પુરતુ નાંણા ભંડોળ ના હોવાના કારણે " ફંડ્સ ઈનસફીશીયન્ટ"ના કારણે વગર સ્વીકારાય પરત આવેલ છે તે હકિકત ફલિત થાય છે.

૨૪. વધુમાં, સદરહુ કેસમાં આરોપી તરફે આરોપીને નોટીસ બજેલ નથી કે મળેલ નથી તેમજ પોસ્ટ ખાતાના જવાબદાર કર્મચારીઓ તપાસ્યા નથીની તકરાર આંક.૧૪ અને ૧૫ની પોસ્ટની ટ્રેક કન્સાઈન્મેન્ટ કે જે ઓનલાઈન કાઢવામાં આવેલ છે તેના આધારે ટકી શકે તેમ નથી. જેથી ધી નેગોશીએબલ ઈનસ્ટુમેન્ટ એક્ટની કલમ:૧૩૮(બી)ની જોગવાઈ મુજબની નોટીસની બજવણી કરવામાં ફરિયાદી સફળ ગયેલા છે. તેથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદામાં જણાયેલ છે તે મુજબની નોટીસ ચેક રીટર્ન થયેલ તે બાદ નિયત સમય માં આરોપીને મળી ગયેલ છે તેવું સ્પષ્ટ જણાય આવે છે.

૨૫. વધુમાં, ફરિયાદીનો આંક–૪નો પુરાવો તથા ફરિયાદપણે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી પુરાવાની મુલવણી કરતાં, ફરીયાદીએ આરોપીને ચેક પરત ફર્યા બાદ તા.૨૩/ ૬/૨૦૨૫ના રોજ નોટીસ આપેલ હતી. આરોપીને સદર નોટીસ તેના અમદાવાદ તથા પાલનપુરના સરનામે મોકલેલ હતી. આરોપીને નોટીસની બજવણી થયેલ હોવા બાબતે પોસ્ટનો ઉતારો રજુ કરેલ છે. ફરિયાદીએ આરોપીને આપેલ તારીખ–૨૩–૦૬–૨૦૨૫ના રોજની આંક–૧૧વાળી નોટિસ ફરિયાદીની ફરિયાદ મુજબ આરોપીને તા. ૨૩–૦૬–૨૦૨૫ના રોજ બજી ગયેલ છે અને આરોપીને નોટિસ બજવા છતાં આરોપીએ નોટિસનો સમયમર્યાદામાં જવાબ આપેલ નથી કે ફરિયાદીની ચેકની લેણી રકમ ચુકવી આપેલ નથી. તેમજ સદર ફરિયાદના સંદર્ભમાં કોર્ટ તરફથી સમન્સ મળ્યાના ૧૫(પંદર)દિવસની અંદર ચેકની રકમની ચુકવણી કરી શકે છે અને કોર્ટમાં સબમિટ કરી શકે છે કે તેણે સમન્સ પ્રાપ્ત થયાના ૧૫(પંદર) દિવસની અંદર ચેકની રકમ ચુકવણી કરી આપેલ હોય, ફરિયાદ રદ થવાને પાત્ર છે. જ્યારે હાલના કેસમાં, આ કામના આરોપીએ સમન્સ મળ્યાના ૧૫(પંદર) દિવસની અંદર ચેકની રકમની ચુકવણી કરી આપેલ હોય તેમ પુરવાર

થતુ નથી, અને આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ (સી)ની જોગવાઈ મુજબ પંદર દિવસની સમયમર્યાદાની અંદર આંક–૧૧ની નોટીસમાં જણાવ્યા મુજબના ફરિયાદીને ફરિયાદવાળા ચેકના નાંણા ચુકવી આપેલ હોય તેવુ જણાઈ આવતું નથી.

૨૬. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(સી) ધ્યાને લેતા આરોપી (ચેક લખનાર)ને નોટિસમાં જણાવ્યા મુજબ ચેકના નાંણાની રકમની ચુકવણી કરવા માટે ૧૫(પંદર) દિવસનો કાયદેસરનો સમય આપવો પડે અને તે ૧૫(પંદર) દિવસની અંદર આરોપી (ચેક લખનાર) જો નાંણાની ચુકવણી ના કરે તો ફરિયાદ કરવાનું કારણ તે ૧૫(પંદર) દિવસનો સમય પુરો થયાના બાદથી શરૂ થાય છે અને ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨(૧)(બી) મુજબ, કલમ –૧૩૮(સી) હેઠળ જે તારીખે ફરિયાદનું કારણ ઉપસ્થિત થયુ હોય તે તારીખની એક મહિનાની અંદર લેખિત ફરિયાદ દાખલ કરવી જોઈએ.

૨૬.૧ હાથ ઉપરના કેસમાં ઉપર આગળ જણાવ્યા મુજબ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ (બી)ની જોગવાઈ અન્વયેની આંક-૧૧વાળી નોટીસ આરોપીને તારીખ ૨૩-૦૬-૨૦૨૫ના રોજ રજી. પો. એડી. કરેલ છે જે નોટિસ ફરિયાદીની ફરિયાદ મુજબ અનુક્રમે બંને સરનામે તા.૨૪-૦૬-૨૦૨૫ તથા તા.૨૫-૦૬-૨૦૨૫ના રોજ આરોપીને બજી ગયેલ હોવાનું જણાઈ આવે છે. જેથી આરોપીએ ફરિયાદીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮(બી)ની જોગવાઈ અન્વયેની આંક-૧૧ની નોટીસમાં જણાવેલ ફરિયાદવાળા ચેકના નાંણા તારીખ-૨૩-૦૬-૨૦૨૫ના રોજ કે તે પહેલા ચુકવી દેવાના હતા પરંતુ આરોપીએ ચુકવેલ નથી. આમ, ઉપરોકત પુરાવાની મુલવણી મુજબ ફરિયાદીએ હાલની આ ફરિયાદ પંદર દીવસનો સમય પુરો થયા બાદના એક મહીનાની અંદર કરવી પડે. હાલની આંક-૧ની ફરિયાદ ધ્યાને લેતા ફરિયાદીએ તારીખ-૨૪-૦૭-૨૦૨૫ના રોજ દાખલ કરેલ છે તેથી એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, ફરિયાદીએ હાલની આ ફરિયાદ ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એક્ટની કલમ-૧૪૨(૧)(બી) મુજબ કાયદેસરની સમયમર્યાદામાં દાખલ કરેલ છે.

૨૭. સ્પે.ક્રિ.એપ્લીકેશન નંબર - ૫૯૧/૨૦૦૦ પરેશભાઇ એમ.વાઘાણી વિરુધ્ધ પંકજ મનસુખભાઇ સેજપાલ – ગુજરાત હાઇકોર્ટના ચૂકાદાના પેરા નં.૭માં નીચે મુજબનું અવલોકન કરેલ છેઃ

> "In this complaint, three things are to be proved. First is that, the cheque has been drawn in favour of the drawee by the drawer. Second, on presentation of the cheque, it was dishonoured and third, on notice given to him within stipulated period, the amount has not been paid. These there things if are established then offence is proved and accordingly, drawer has to be convicted and sentenced."

નામ. ગુજરાત હાઇકોર્ટના ઉપરોકત ચુકાદાના પેરા નં.૭ મુજબના ત્રણેય મુદ્દાઓ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ હોવાથી તથા સદરહુ મુદ્દા નંબર–૨માં કરેલ પુરાવાની મુલવણી મુજબ ફરિયાદપક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ છે તથા ઉપરોકત મુદ્દા નં.–૧માં ચર્ચા કર્યા મુજબ આરોપીના ખાતાનો ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરિયાદીને આપેલાની હકીકત ફલીત થતી હોવાથી મુદ્દા નં ::– ૨નો જવાબ "હકારમાં" આપવામાં આવે છે.

–:: **<u>મુદ્દા નંબર–૩</u>** ::–

૨૮. ઉપર મુદ્દા નં.૧ અને ૨ માં ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ છે, અને "Varkey V/S State, (1989 CrLJ 2357)"ના ચુકાદામાં નામદાર વડી અદાલત દ્ધારા પ્રસ્થાપિત કરેલ છે કે, મેજીસ્ટ્રેટ ધ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં બી.એન.એસ.ની કલમ–૨૭૮(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે આરોપીને સાંભળવાની જરૂર નથી, અને હાલનો હાથ ઉપરનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ હોવાથી આરોપીને સજા અંગે સાંભળવામાં આવેલ નથી.

૨૮.૧.વધુમાં, પક્ષકારોની રજુઆત તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ફરિયાદીને આરોપીએ વળતર ચુકવવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવે છે તેમજ આ તબકકે વળતર સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલતે સુગનથી સુરેશકુમાર વિરુધ્ધ જગદીશન (સ્પેશીયલ લીવ પીટીશન (ક્રિમીનલ) નંબર–૩૨૨૦/ ૨૦૦૮) ના ચુકાદામાં જણાવેલ છે કે, જયારે કલમ–૩૯૫(૩) હેઠળ વળતર ચુકવણીનો આદેશ કરવામાં આવેલ હોય ત્યારે વળતર ચુકવવામાં થયેલ કસુર બદલ સજા થઈ શકે છે.

૨૮.૨ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સને ૧૯૯૮માં અને ત્યારબાદ સને–૨૦૦૨માં સુધારો કરી પ્રકરણ ૧૭માં કલમ–૧૩૮ થી કલમ–૧૪૭ની જોગવાઈઓ કરવામાં આવેલી છે કે, જેનાથી કાયદાની મજબુત પકકડ બની શકે કારણ કે આ એકટનો ઉદ્ધેશ ઝડપથી બદલાતી વ્યાપારિક અને આર્થિક પરિવેશમાં નાંણાના આદાનપ્રદાન માટે છે. વ્યવહારમાં વિશ્વાસ અને ધંધાની લેવડ દેવડમાં આસ્થા રહે તે માટે છે. જેથી તેનો ગેરલાભ અને ગેરઉપયોગ થતો અટકાવવા માટે પગલાં લેવાની કોર્ટની ફરજ છે કે, જેના ધ્વારા ચેકથી થતાં વ્યવહારો સુરક્ષિત બનાવી શકાય. તેમજ નામદાર કેરાલા હાઈકોર્ટનો "M.V.Nalinakshan V/S M. Rameshan, 2009 Cr.L.J 1703"ના ચૂકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટની કલમ–૩ અને ૪ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા હાલની ફરિયાદવાળો તકરારી ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના "2004(2)GLH 29, R.C.Mehta V/S Gujarat State Fertilizer Co. Ltd."ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ કરવાનો ધારાસભાનો આશય ધ્યાને રાખી તથા બી.એન.એસ.ની કલમ–૨૩(૧) ની જોગવાઈ ધ્યાને લઈને મુદ્દા નંબર–૩ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરું છું.

–: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી ઉમંગ સુનીલકુમાર ગાંધી, રહેવાસીઃ(૧)– મેસરીવાસ, ઢાળવાસ, તા.પાલનપુર, જી.બનાસકાંઠા–૩૮૫૦૦૧, રહેવાસી:(૨) એચ–૪૦૪, શ્રી વિષ્ણુધારા ગાર્ડન્સ, વેદાંત હોસ્પિટલલ

રોડ, જગતપુરા, ગોતા અમદાવાદ–૩૮૨૪૮૧નાઓને બી.એન.એસ. કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવી તેઓને ૧(એક) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં એવો પણ હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ બી.એન.એસ. ની કલમ–૩૯૫ અન્વયે સદરહુ ચેકની રકમ રૂા.૧,૫૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પુરા) ૬૦ (સાઈઠ) દિવસમાં ફરિયાદીને વળતર તરીકે ચુકવી આપવી. જો આરોપી સદરહુ રકમ ન ચુકવે તો વધુ ૦૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ જો અગાઉ સજા ભોગવેલ હોય તો, બી.એન.એસ.ની કલમ–૪૬૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

(૪) આ ચુકાદાની એક નકલ બી.એન.એસ.ની કલમ–૪૦૧ મુજબ આરોપીને વિનામુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજ તા.૦૬, માહે–જુલાઈ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુ. પાલનપુર.
તા. ૦૬–૦૭–૨૦૨૬

(મીસ પલક બીપીનચંન્દ્ર પટેલ)
ત્રીજા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાલનપુર–જી.બનાસકાંઠા
જીજે૦૧૧૧૧